
## હનુમાનજીની શોધ



નરેનને રામાયણની કથા ખૂબ ગમતી. એક વખત પડોશમાં રામાયણની કથા બેઠી હતી. નરેન કથા સાંભળવા ગયો. પંડિતજીએ કથા કરતાં કહ્યું : ‘હનુમાનજી તો અમર છે. તેઓ કેળના બગીચામાં રહે છે. ’ આ સાંભળીને નરેને મનમાં નક્કી કરી લીધું કે આજે હનુમાનજીને મળીને જ પછી ઘરે જવું. કથામાંથી તે સીધો કેળના બગીચામાં પહોંચી ગયો. આખો બગીચો ફરી વળ્યો, ક્યાંય હનુમાનજી દેખાયા નહીં. તેણે સાંજ સુધી રાહ જોઈ. પણ હનુમાજી આવ્યા જ નહીં. એટલે નિરાશ થઈને ઘરે ગયો.

નરેનનો થાકેલો, નિરાશ ચહેરો જોઈને માએ પૂછ્યું : ‘બેટા, આખો દિવસ ક્યાં હતો?’ નરેને બધી વાત કહી. એ સાંભળી માતાને મનોમન બહુ જ આનંદ થયો, કે તેના પુત્રમાં કેવી શ્રદ્ધા ભક્તિ રહેલાં છે, કે આખો દિવસ ભૂખ્યો, તરસ્યો હનુમાનજીને મળવા બગીચામાં બેસી રહ્યો ! માએ નરેનને વહાલ કરીને કહ્યું : ‘બેટા, હનુમાનજી રામના કામ માટે બીજે ગયા હશે, એટલે આવ્યા નહીં. ’ બાળ નરેન માની વાત સાંભળી આનંદિત બની ગયો. નાનપણમાં રોપાયેલાં શ્રદ્ધાનાં બીજ સ્વામીજીના જીવનમાં વટવૃક્ષ બની પાંગર્યાં હતાં.

### દયાળુ નરેન્દ્ર

વિશ્વનાથ દત્ત મોટા વકીલ હોવાથી તેમને ત્યાં અનેક સાધુ સંતો ભિક્ષા માટે આવતા. ગરીબ-ગુરબાંઓ પણ મદદ લેવા માટે આવતાં. નરેન્દ્રને સાધુઓ પ્રત્યે નાનપણથી જ પ્રેમ હતો. સાધુઓને જોતાં જ રાજી રાજી થઈ જતા અને ઘરમાંથી કંઈ ને કંઈ લાવીને

સાધુના ભિક્ષાપાત્રમાં મૂકી દેતો. એક દિવસ તો તેણે પોતાની નવી નકોર ધોતલી આપી દીધી હતી.

ભુવનેશ્વરી દેવીએ એ જાણ્યું, ત્યાર પછી તેમણે એક યુક્તિ કરી. જ્યારે સાધુ આવે ત્યારે નરેન્દ્રને તેઓ ઉપરના ઓરડામાં પૂરી દેતાં હતાં, જેથી નરેન્દ્ર કંઈ આપી શકે નહીં. પણ નરેન્દ્રની યુક્તિ તો માતાની યુક્તિથી પણ વધી ગઈ ! તે તો ઉપરની બારીમાંથી વસ્તુઓ નીચે ફેંકીને ભિક્ષુકોને લઈ લેવા કહેતો અને પછી વિજયી અદાથી મારા અને બહેનોની સામે હાસ્ય કરતો.

### રાજા નરેન

નરેન્દ્રની બીજી પ્રિય રમત હતી–રાજા, મંત્રી અને સિપાહીઓની. આ રમતમાં નરેન્દ્ર હંમેશાં રાજા બનતો. મંત્રી અને કોટવાળને હુકમ કરતો. સીડીના સૌથી ઉપલા પગથિયે બેસીને રાજા નરેન મંત્રીને પૂછતો : 'કહો મંત્રી, રાજ્યના શા સમાચાર છે? ' મંત્રી કહેતો : 'મહારાજ, મંગો ડાકુ ભારે રંજાડ કરી રહ્યો છે. પ્રજા ત્રાસી ગઈ છે. ' મહારાજ નરેન હુકમ કરતો: 'એ ડાકુને પકડી લાવો, અને તેને જાહેરમાં કોરડા મારી જેલમાં પૂરી દો.'

બાળપણની આવી રમતો દ્વારા નરેનમાં રહેલી નેતૃત્વની શક્તિ પ્રગટ થતી રહેતી.

### સાચી મિત્રતા

નરેન્દ્ર મિત્રો સાથે ગઢના મેદાનમાં કિલ્લો જોવા ગયો હતો. કિલ્લો જોવાના ઉત્સાહમાં બધા મિત્રો મજાક મશ્કરી કરતા આગળ ધપી રહ્યા હતા. નરેન્દ્ર પણ પોતાની મસ્તીમાં આગળ આગળ ચાલતો હતો. અચાનક એમના કાને હસીમજાકના અવાજો સંભળાયા. એણે પાછા વળીને જોયું તો એક છોકરો રસ્તાની ધાર પર બેસી ગયો હતો. બધા તે ચાલી શકતો નથી એટલે એની મજાક ઉડાવી રહ્યા હતા.

નરેન્દ્ર તુરત જ પાછો વળ્યો તે છોકરાની પાસે ગયો, અને તેના કપાળ પર હાથ મૂક્યો. જોયું તો તેનું શરીર તાવથી ધખી રહ્યું હતું, તેને ધ્રુજારી આવતી હતી. નરેન્દ્રે બધાને બોલાવીને કહ્યું : 'એક ઘોડાગાડી લઈ આવો.' પછી તે છોકરાને ઘોડાગાડીમાં બેસાડયો અને પોતે પણ ઘોડાગાડીમાં બેસી ગયો અને છોકરાને ઘરે મૂકી આવ્યો. આટલી નાની વયે બીજાના દુ:ખને પીડામાં સહાય કરવાની ભાવના નરેન્દ્ર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ વધતી જ ગઈ હતી.

સ્વામીજી કહેતા : 'જેઓ બીજા માટે જીવે છે, તેઓ જ ખરેખર જીવે છે, બાકીના તો જીવતાં કરતાં વધુ મરેલા છે.'

જીવનને સફળ બનાવવા આપણે સૌના કલ્યાણ માટે જીવતાં શીખવું જોઈએ.